# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-01-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. રાજકોટમાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનો પ્રારંભ કરાવતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉદ્યોગકારોને કચ્છ-સૌરાષ્ટ્રમાં રોકાણની અપીલ કરી
2. પ્રધાનમંત્રીએ સૌરાષ્ટ્રના સાત જિલ્લાઓમાં 13 નવા સ્માર્ટ ઔદ્યોગિક વસાહતોના નિર્માણની પણ જાહેરાત કરી
3. પ્રધાનમંત્રી સોમનાથ સ્વાભિમાન પર્વમાં જોડાયા - પ્રધાનમંત્રીએ સોમનાથને પ્રેમનો સંદેશ આપનારું મંદિર ગણાવ્યું
4. **રાજ્યમાં આગામી બે દિવસ ઠંડીમાં ઘટાડો થવાની આગાહી**
5. વડોદરામાં રમાયેલી ત્રણ મૅચની ODI શ્રેણીની પહેલી મૅચમાં ન્યૂ ઝિલૅન્ડે ભારતને જીતવા 301 રનનો લક્ષ્યાંક આપ્યો

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# Prime Minister-Gujarat Summit-RAJKOT

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ સૌરાષ્ટ્ર-કચ્છ ક્ષેત્રમાં રોકાણ કરવાનો આ યોગ્ય સમય હોવાનું જણાવી ઉદ્યોગકારોને રોકાણ માટે આહ્વાન કર્યું. રાજકોટમાં કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશો માટેની બે દિવસીય વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ - VGRCના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે મોરબી-જામનગર-રાજકોટ ઔદ્યોગિક ક્ષેત્રને તેના વિશાળ કદ, કુશળતા અને વૈશ્વિક જોડાણોને કારણે "મિની જાપાન" તરીકે ઓળખવામાં આવે છે.

(BYTE- PM MODI ) MINI JAPAN

સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશ ઉત્પાદન, પર્યાવરણને અનુકૂળ વિકાસ અને ગતિશીલતા માટે એક મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવ્યો હોવાનું શ્રી મોદીએ ઉમેર્યું હતું. કચ્છમાં નિર્માણ પામી રહેલા વિશ્વના સૌથી મોટા 30-ગીગાવોટ સ્વચ્છ ઉર્જા પાર્કનો પણ શ્રી મોદીએ તેમના સંબોધનમાં ઉલ્લેખ કર્યો હતો.

(BYTE - PM-ON-SAURASHTRA-KUTCH)

આ પરિષદનો ઉદ્દેશ્ય સૌરાષ્ટ્ર અને કચ્છના બાર પશ્ચિમી જિલ્લાઓમાં રોકાણ, નવીનતા અને વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ સૌરાષ્ટ્રના સાત જિલ્લાઓમાં 3 હજાર 540 એકર વિસ્તારમાં 13 નવા સ્માર્ટ ઔદ્યોગિક વસાહતોના નિર્માણની પણ જાહેરાત કરી હતી અને  રાજકોટમાં એક વિશિષ્ટ તબીબી ઉપકરણ પાર્કનું ઉદ્ઘાટન કર્યું.

-------------------------

## Metro Railway Station - PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સાંજે  ગાંધીનગરના સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના અમદાવાદ - ગાંધીનગર મેટ્રોના ફેઝ – 2 ના લીલીઝંડી આપીને શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત અનેક મંત્રીઓ અને ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

----------

## REV PM SOMNATH FINAL

આ પહેલા પ્રધાનમંત્રી પ્રભાસપાટણમાં  “સોમનાથ સ્વાભિમાન પર્વ”માં ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન તેમણે દેશવાસીઓને વિભાજનકારી તત્વોને હરાવવા માટે એક રહેવાની અપીલ કરી હતી. દેશવાસીઓને તેમના મૂળ સાથે જોડાયેલા રહેવા અને વિકસિત ભારત માટે ખભાથી ખભો મિલાવીને ચાલવા પણ તેમણે આહ્વાન કર્યું.

પ્રધાનમંત્રીએ આ પર્વને અતૂટ આસ્થા અને સમર્પણનો પર્વ ગણાવતા કહ્યું, આ માત્ર ઐતિહાસિક વૈભવનું જ પ્રતીક નહીં, પરંતુ તે સોમનાથ મંદિરની અનંત યાત્રાને ભાવિ પેઢીઓ સુધી પહોંચાડવાની તક પણ છે.

**(BYTE: PM MODI) – 1000 YEARS**

દરમિયાન સોમનાથ સ્વાભિમાન પર્વને 15 જાન્યુઆરી સુધી લંબાવવામાં આવ્યો છે. શ્રદ્ધાળુઓની ભક્તિ અને ધસારાને જોતા સરકારે આ નિર્ણય કર્યો હોવાનો કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું.

અગાઉ પ્રધાનમંત્રીએ સોમનાથ મંદિરના નિર્માણ માટે જીવનું બલિદાન આપનારા લોકોના સન્માનમાં યોજાયેલી શૌર્ય યાત્રાનું નેતૃત્વ કર્યું હતું. પ્રભાસ પાટણમાં ઐતિહાસિક સોમનાથ સ્વાભિમાન પર્વમાં ભાગ લીધો હતો.

----------

## CM - VGRC

આ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને ભવિષ્ય માટે વૈશ્વિક પ્રવેશદ્વાર ગણાવ્યું. તેમણે કહ્યું, રાજ્યમાં આજે પ્રગતિના નવા સીમાચિહ્ન પ્રસ્થાપિત થયા છે. હવે ઑટો સેક્ટર, સેમિકન્ડક્ટર, નાણાકીય સેવાઓ, કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I., હરિત ઉર્જા જેવા અનેક ઉભરતા ક્ષેત્રમાં ગુજરાત કેન્દ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

આ પ્રસંગે રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીએ આગામી પાંચ વર્ષમાં ગુજરાતમાં રોકાણને વર્તમાન 3 લાખ 50 હજાર કરોડથી બમણું કરીને 7 લાખ કરોડ કરવાની, જામનગરમાં દેશનું સૌથી મોટું AI રેડી ડેટા સેન્ટર સ્થપાશે અને જીઓ દ્વારા સામાન્ય લોકો માટે પ્રથમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પ્લેટફોર્મ લોન્ચ કરાશે, તેવી જાહેરાત કરી હતી. તેમણે કહ્યું ગુજરાતનું જામનગર આગામી વર્ષોમાં ભારતના સ્વચ્છ ઉર્જા અને સામગ્રીના સૌથી મોટા નિકાસકાર તરીકે ઉભરી આવશે.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

## KITE -FESTIVAL -DISTRICT

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આજે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં દેશ વિદેશના પતંગબાજોએ ભાગ લીધો.

દ્વારકાના બ્લૂ ફ્લેગ શિવરાજપુર બીચ પર પ્રવાસન વિભાગ તેમજ જિલ્લા વહીવટી તંત્ર દેવભૂમિ દ્વારકાના સંયુક્ત ઉપક્રમે પતંગ મહોત્સવ યોજાયો.

સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે નર્મદા ડેમ વ્યૂ પોઈન્ટ–૧ પર જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલના અધ્યક્ષસ્થાને "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬" યોજાયો હતો. મહોત્સવમાં દેશ-વિદેશના પતંગબાજો જોડાયા

મહેસાણાના વડનગરમાં રમતગમત સંકુલ ખાતે આજે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ પ્રભારી મંત્રી પ્રવીણ માળીના હસ્તે કરાયો હતો. તેમાં 10 દેશો ના 100 પતગબાજો એ ભાગ લીધો હતો.

પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે આવતીકાલે યોજાનાર આ વર્ષના આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૫૦ દેશોના ૧૩૫ પતંગબાજોની સાથે દેશના ૧૩ રાજ્યોમાંથી ૬૫ અને રાજ્યના ૧૬ જિલ્લામાંથી ૮૭૧ પતંગબાજો ભાગ લેશે. આ ઉપરાંત 13 મી જાન્યુયારીએ રાત્રિ પતંગ ઉડાવાશે.

----------

## GANDHINAGAR ANJANADHAM

ગાંધીનગરના જમિયતપુરા ખાતે અંદાજે 300 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થનારા વિશ્વ આંજણાધામનું ભૂમિપૂજન કરાયું. આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ કહ્યું, ભાવિ પેઢીને શિક્ષણ, સંગઠન અને સંસ્કારની ભેટ આપવા શરૂ થનારી આ સંસ્થાના નિર્માણમાં માત્ર રૂપિયાનું નહીં, પણ સમયનું દાન પણ અતિમહત્વનું રહેશે. તેમણે ક્યાં રોકાણ કરવું અને ખર્ચ તથા રોકાણની વ્યવસ્થા કેવી રીતે કરવી તેનું આયોજન કરવા સંસ્થાના અગ્રણીઓને અનુરોધ કર્યો હતો.

----------

## GANDHINAGAR TYPHOID

ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસનો આંકડો 205-એ પહોંચ્યો છે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, ગત 24 કલાકમાં 10 નવા કેસ નોંધાયા છે. જ્યારે 13 દર્દીને રજા અપાઈ છે. હાલ ટાઈફોઈડના કુલ 70 જેટલા દર્દી સારવાર હેઠળ છે. દરમિયાન આરોગ્યકર્મીઓ અને આશાબહેનોની કુલ 85 ટુકડી દ્વારા સરવેની કામગીરી કરવામાં આવી રહી છે.

----------

## STATE WEATHER FORECAST

હવામાન વિભાગે રાજ્યમાં આગામી બે દિવસ ઠંડીમાં ઘટાડો થવાની આગાહી વ્યક્ત કરી છે. સત્તાવાર યાદી મુજબ, બે દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. જ્યારે આગામી બે દિવસ કચ્છ જિલ્લાના છૂટાછવાયા વિસ્તારમાં શીત લહેરની સ્થિતિ જોવા મળી શકે છે.

દરમિયાન રાજ્યમાં ઠંડીનું જોર વધવાના કારણે ચાર ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડું શહેર રહ્યું છે. જ્યારે અમરેલીમાં આઠ, ભુજ, કંડલા વિમાનમથક, રાજકોટ, કેશોદ અને ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન નવ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

----------

## REV CRICKET INDIA NEW ZEALAND

ક્રિકેટમાં ભારત આજે વડોદરામાં ત્રણ મેચની ક્રિકેટ વન-ડે આંતરરાષ્ટ્રીય શ્રેણીની પહેલી મેચમાં ન્યૂ ઝિલેન્ડ સામે રમી રહ્યું છે. ન્યૂ ઝિલેન્ડે પહેલા બેટિંગ કરી નિર્ધારિત 50 ઓવરમાં આઠ વિકેટ ગુમાવી 300 રન બનાવ્યા હતા.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, શુબમન ગિલના સુકાની હેઠળની ભારતીય ટીમે 19 ઑવરમાં એક વિકેટ ગુમાવી 117 રન કર્યા છે. અગાઉ ન્યૂ ઝિલૅન્ડના ડેરિલ મિશેલે સૌથી વધુ 84 રન બનાવ્યા હતા. જ્યારે ભારતીય બૉલર મોહમ્મદ સિરાજ, હર્ષિત રાણા અને પ્રસિધ ક્રિષ્નાએ બે-બે અને કુલદીપ યાદવે એક વિકેટ લીધી હતી.

ઉલ્લેખનીય છે કે, આ શ્રેણીમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા અનુભવી ખેલાડીઓ પણ ફરી મેદાનમાં ઉતર્યા છે.

----------

## RAILWAY APPEAL

ઉત્તરાયણને ધ્યાનમાં રાખી પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા લોકોને હાઈ-વૉલ્ટેજ ઑવરહેડ એટલે કે, ઉપરથી પસાર થતા તારથી દૂર રહેવા અપીલ કરી છે. સત્તાવાર યાદી મુજબ, અમદાવાદ મંડળના તમામ રેલખંડમાં રેલવેલાઈન પર 25 હજાર વૉલ્ટના ઑવરહેડ ઇલેક્ટ્રિક હાઈ-વૉલ્ટેજ તાર સ્થાપિત છે.

જો પતંગ કે દોરી આ તારમાં ફસાય તો તેને કાઢવા માટે કોઈ પણ પ્રકારની છડી, લાકડી કે સાધનનો ઉપયોગ ન કરવા જણાવાયું છે. તેમજ બાળકો પતંગ પકડવાની લાલચમાં રેલવે ટ્રૅક તરફ ન જાય તે માટે માતાપિતાને ધ્યાન રાખવા અપીલ કરવામાં આવી છે.

----------

## BHAVNAGAR -BRONZE

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે ઓલ ગુજરાત સ્પોર્ટ્સ કાઉન્સિલ ફોર ધ ડેફ દ્વારા રાજ્ય કક્ષાની 14મી ઓલ ગુજરાત વોલીબોલ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર સ્થિત શ્રી શાહ કે એલ ઇન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ સ્કુલના 16 વર્ષ વય જુથના ભાઈઓની ટીમે તૃતિય સ્થાન પ્રાપ્ત કરી કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે.

----------